S A M V A D E - J O U R N A L

ISSN (Online) : 2583-8334

(International Peer-Reviewed Refereed Journal)

Volume 2, Issue-4, October to December: 2024

Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# બાંધકામ ક્ષેત્રમાં મહિલા કામદારોની સ્થિતિ ભારતમાં : એક સમીક્ષા

*પ્રફુલ્લ આર સોલંકી*

***સારાંશ:***

***બાંધકામ ક્ષેત્રે મોટી સંખ્યામાં કુશળ તેમજ અકુશળ લોકોને રોજગારીની તકો પૂરી પાડે છે. આ ઉદ્યોગમાં કામ કરતા શ્રમિકોને કાર્ય સ્થળ પર ઘણી જ મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે અને આરોગ્ય સંબંધિત સમસ્યાઓ રોજગારી ગુમાવી દેવાનો ડર અને કામના સ્થળે ઈજા ઓ એ સંશોધનની મુખ્ય સમસ્યા છે. સંશોધકે વર્તમાન અભ્યાસમાં મહિલા કામદારોની બાંધકામ ક્ષેત્રમાં તેની ભાગીદારી તેમજ તેની આ ક્ષેત્રમાં તેની કેવી સ્થિતિ છે તેનો અભ્યાસ આ સંશોધન પેપરમાં કરવા આવ્યો છે. બાંધકામ ક્ષેત્રે મહિલા મજૂરોનું પ્રમાણ તેમજ તેઓની સાથે જે જાતીય સતામણી,લિંગ પૂર્વગ્રહ, વેતન ભેદભાવ વગેરે મુખ્ય પરિબળ છે.બાંધકામ ક્ષેત્રમાં મહિલા કામદારો અકુશળ મજુર તરીકે કામ કરે છે.બાંધકામ ઉદ્યોગમાં મહિલા શ્રમિકોનુ કૌશલ્ય સ્તર થોડાં વર્ષો નાં કામ કર્યા પછી પણ સમાન રહે છે. જે પ્રસ્તુત સંશોધન પેપર મહિલા કામદારોની સમસ્યાઓ વિશે ધ્યાન દોરે છે.***

***મુખ્ય શબ્દો:- બાંધકામ ઉદ્યોગ, મહિલા કામદારો, આરોગ્ય ની સમસ્યાઓ, ઈજા ઓ, નોકરીનો તણાવ.***

પ્રસ્તાવના:-

બાંધકામ ક્ષેત્રમાં મહિલા ઓ અકુશળ મજૂરોની છે અને તેઓ કામમાં વેતન સંબંધિત ગંભીર સમસ્યાઓનો સામનો કરે છે આ ઉપરાંત આ ક્ષેત્રમાં વેતન ભેદભાવ, લીંગ પૂર્વગ્રહ વગેરે અને જાતીયસતામણી,આરોગ્યની પરિસ્થિતિ નોકરીનો તણાવ, ઓછું વેતન હોવા છતાં મહિલા શ્રમિકો બાંધકામ ઉદ્યોગમાં જોડાયેલી જોવા મળે છે. તેમની કુશળતા ક્યારેય તેમની જેમ અપગ્રેડ થતી નથી બાંધકામ ક્ષેત્રમાં તેઓ પુરુષોની તુલનામાં વધું કામ કરે છે. પરંતુ તેઓ માત્ર ચોક્કસ પ્રકારના કામ કરવાની મંજૂરી તેઓને છે જેમ કે પુરૂષો ને તેઓ આ ક્ષેત્રમાં મદદરૂપ થાય છે.

વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થાઓમાં ભારતમાંથી એક છે ભારત સરકાર દ્વારા અપનાવવામાં આવેલ ઘણી નીતિઓથી દેશના આર્થિક વિકાસમાં સારો એવો વધારો થયો છે, તેમાં બાંધકામ ઉદ્યોગમાં એક મહત્વનું સ્થાન ધરાવે છે. ભારતમાં બાંધકામ ક્ષેત્રમાંથી કુલ ૭% ટકા લોકો રોજગારી પ્રાપ્ત કરે છે.

- ભારત ની લગભગ ૧૬% ટકા કાર્યકારી વસ્તી ની આજીવિકા મકાન બાંધકામ પર નિર્ભર છે.
- ભારત માં બાંધકામ ઉદ્યોગ માં આજે લગભગ ૩૧કરોડ લોકો રોજગારી પ્રાપ્ત કરે છે.
- કૃષિં ક્ષેત્ર બાદ સૌથી વધુ રોજગારી આપતું ક્ષેત્ર બાંધકામ ઉદ્યોગ છે.


*પ્રફુલ્લ આર સોલંકી, એમ.એ., માર્ગદર્શક ડૉ. સંજેસ.કે. પાંભર આસિસ્ટન્ટ પ્રોફેસર એન.પી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, કેશોદ*

સંશોધન પેપરમાં મહિલાઓની બાંધકામ ક્ષેત્રમાં કેવી સ્થિતિ છે અને તેમની આ ઉદ્યોગમાં તેમની ભાગીદારી વિશે ચર્ચા કરવામાં આવી છે. ભારત એક ઝડપથી વિકાસ પામતો દેશ છે. તેમનો આર્થિક વિકાસ માં વધારો થતો જોવા મળે છે. તેમાં પણ બાંધકામ ઉદ્યોગનો પણ ફાળો છે. આ ઉદ્યોગમાં મહિલા કામદારોની ભાગીદારી લગભગ ૧/૩ એક તૃતિયાંશ જેટલી છે. જેઓ અકુશળ મજુરો તરીકે કાર્યરત છે.તેઓને આ ક્ષેત્રમાં કામ માં વેતન સંબંધિત સમસ્યાઓ, જાતિય સતામણી, અસમાનતા ઓ, રોજગારી જતી રહેવાનો ભય, આરોગ્યની સુવિધા નો અભાવ વગેરે જેવી સમસ્યા ઓ બાંધકામ ક્ષેત્રમાં મહિલા શ્રમિકો ને જોવા મળે છે.

**સંશોધન અભ્યાસના હેતુઓ :-**

**(૧) ભારતમાં** મહિલા કામદારોની સ્થિતિનો અભ્યાસ કરવો

**(૨)** બાંધકામ ક્ષેત્રમાં મહિલા શ્રમિકો ની ભુમિકા નો અભ્યાસ કરવો

(૩) બાંધકામ ક્ષેત્રમાં મહિલા શ્રમિકો ની સમસ્યાનો અભ્યાસ કરવો.

**સાહિત્ય સમીક્ષા**

**Pitchai Rani.M 2013** " Woman Labours in construction industry a sociological analysis"

**પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં મહિલા મજૂરોને જુદા જુદા સિદ્ધાંતિક સંદર્ભમાં તપાસવાનું અભ્યાસ કરેલ છે. જેમાં જુદા જુદા ઉદ્યોગોમાં મહિલા કામદારોની સ્થિતિ વિશે ચર્ચા કરવામાં આવી છે.**

- **બાંધકામ ક્ષેત્રમાં કામ કરતી મહિલાઓની સમસ્યાઓ**

  બાંધકામ ક્ષેત્રમાં કામની પરિસ્થિતિ કામના કલાકો અલ્પ વેતન કામના સ્થળે સુરક્ષાનો ભાવ મહિલા મજૂરો માટે કોરિયા ઘરની સુવિધા નો અભાવ કાર્ય મહિલા સાથે છેડતી કે હિંસા જેવી શરીરના જાતીય અંગો વિશે ટીકા ટીપ્પણી કરવી ખરાબ નજરે જોવું સુરક્ષા અને તેને મળતા અધિકારોની વંચિતતા વગેરે જેવી સમસ્યાઓ જોવા મળી હતી.

  બાંધકામ મહિલા શ્રમિકઃ પાયાના પથ્થરની વ્યથા ( મેં ૨૦૧૮)

  વિશ્વમાં તેમજ દેશના અન્ય રાજ્યોમાં તથા શહેરો સાથે ની સ્પર્ધા માં હરણફાળ ભરી આગેકદમ થનાર અમદાવાદ શહેરની વિકાસ કુંચમાં બાંધકામ શ્રમિકોનો અમૂલ્ય ફાળો છે.એમાય આ ક્ષેત્ર સાથે સંકળાયેલ મહિલા શ્રમિકોનું યોગદાન છે જે કામમાં ઓછી મહેનત અને ઓછો શારીરિક શ્રમ હોય તે કામ મહિલા શ્રમિકને યોગ્ય માનવામાં આવે છે. પરંતુ વાસ્તવમાં ઇંટો ઉપાડવી અને તગારા માથે મૂકીને બીજા કે ત્રીજા માળ સુધી પહોંચાડવા જેવા કષ્ટદાયક કામો મહિલા શ્રમિક જ કરતી હોય છે.

Chandra Bahadur 2008

પ્રસ્તુત તેમના મહાશોધ નિબંધ માં મહિલા કામદારો જે ખાણ કામમાં કાર્યરત છે તેની સમસ્યાઓ વિશે ચર્ચા કરે છે.

- પથ્થરની ખાણમાં ખોદાણ કામ કરતી મહિલા આ ક્ષેત્રમાં માટી ઊંચકવી અને દુર કરવી અને ખટારા માં ભરવી તેવું કામ કરે છે.
- આર્થિક પરિસ્થિતિ નબળી હોવાના લીધે નાની વયે મહિલા ઓને કામ કરવું પડે છે.
- આ ક્ષેત્રમાં ચુનારા જાતિના લોકો વધુ રોજગારી ન હોવાના લીધે રોજગારી ની અનિશ્ચિતતા નો પણ સામનો કરવો પડે છે.

**સંશોધન પદ્ધતિઃ -**

**પ્રસ્તુત સંશોધન પેપરમાં ગૌણ માહિતી દ્વારા તૈયાર કરવામાં આવ્યું. જેમાં જુદા જુદા સંશોધન પેપર, આર્ટિકલ, જર્નલ, સરકારના શ્રમને લગતા એહવાલ, મહાશોધ નિબંધ, લઘુશોધ નિબંધ , વગેરે દ્વારા આ સંશોધન પેપરમાં મહિલા શ્રમિકો ને બાંધકામ ક્ષેત્રમાં કેવી સ્થિતિ છે તેને સંબંધિત તમામ સંશોધનનો અભ્યાસ કરવા આવ્યો છે.**

**સમીક્ષા :-**

**બાંધકામ ક્ષેત્રમાં મહિલાઓને આર્થિક પરિસ્થિતિ કેવી છે તે અંગે જુદા જુદા સંશોધકો દ્વારા તેમના સંશોધનના આધારે જાણી શકાય છે. બાંધકામ ક્ષેત્રમાં મહિલા શ્રમિકોને જે સમસ્યાઓ છે જેમાં આ ક્ષેત્રમાં મહિલાઓને પુરૂષો કરતાં ઓછુ વેતનચૂકવવામાં આવે છે કાર્ય દરમિયાન એની સાથે જાતીય સતામણીનો શોષણનો ભોગ બને છે તેમજ આરોગ્યની સુવિધાનો અભાવ રોજગારી ગુમાવવાનો ભય,કાર્ય સ્થળ પર નાની મોટી ઈજાઓ વગેરે બાબતો બાંધકામ ઉદ્યોગમાં કાર્યરત મહિલા કામદારોને ભોગવી પડે છે.**

**બાંધકામ ક્ષેત્રમાં મહિલા શ્રમિકને નીચે મુજબ સમસ્યાઓ જણાય છે.**

(૧) મહિલા રોજગારની અનિશ્ચિતતાઓ :

જ્યારે મહિલા રોજગારની વાત આવે છે ત્યારે જાહેર અને ખાનગી ક્ષેત્રમાં મહિલા રોજગારીનું પ્રમાણ જાણવું ખૂબ જ જરૂરી બની જાય છે. વર્ષ ૨૦૨૧અને ૨૦૨૨ માં ૭૮ટકા અને ૭૦ટકા રોજગારી છેલ્લા વર્ષોમાં જોવાં મળે છે. તેમાં પણ જાહેર ક્ષેત્ર કરતાં ખાનગી ક્ષેત્રમાં મહિલા કામદારો નું પ્રમાણ વિશેષ જોવા મળે છે.

- મધોક (૨૦૦૫) દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં દિલ્હીમાં બાંધકામ ઉદ્યોગમાં મહિલા કામદારોની સ્થિતિ દર્શાવવામાં આવી હતી તે મુજબ બાંધકામ ક્ષેત્રમાં મહિલા કામદારો દ્વારા એવું જાણવા મળ્યું કે ૧૫ મિનિટમાં લગભગ ૫૫ બંડલ ઇંટોનું જે દરેકનું વજન ૭થી૮ કિલો છે મહિલા કામદારો પોતાના હાથથી ઊંચકીને ૮ માળમાં પસાર થાય છે. માથા ઉપર ઇંટો ઉપાડવી ઉપર લઇ જાય છે. બાંધકામ ક્ષેત્રમાં મહિલા રોજગારીની સ્થિતિ તેમના સંખ્યા કરતા વધુ જોવા મળે છે છતાં પણ તેમને ભેદભાવનો સામનો કરવો પડે છે જેથી તેઓને રોજગારીની તકો ગુમાવી પડે છે. ગિરિજા અને ગીતા (૧૯૮૯)

(૨) બાંધકામ ઉદ્યોગ માં લિંગ પૂર્વગ્રહ સ્ત્રી-પુરૂષ:- અર્ધ કુશળ કુશળ મહિલા કામદારો બાંધકામ ઉદ્યોગમાં અડધા ભાગની છે અન્ય ઉદ્યોગો કરતા બાંધકામ ઉદ્યોગોમાં મહિલાઓને મોટેભાગે અકુશળ મજૂરો તરીકે રોજગારી આપવામાં આવે છે. કેવો આ ક્ષેત્રમાં પુરુષો કરતાં નીચો દરરોજ ધરાવે છે જેમાં તેઓને લિંગ પૂર્વ ગ્રહનો ભોગ બનવું પડે છે. તેઓ આ ક્ષેત્રમાં બિલ્ડીંગ સાઇટની સફાઈ કરવી અને ચણતર કામમાં તગારા આપવા ચણતરમાં પાણી આપવું. ગમે તેટલા વર્ષો સુધી મહિલા કામદાર કામ કરતી હોય છતાં પણ તેઓ અકુશળ શ્રમિક તરીકે જ જોવા મળે છે. પુરુષો દ્વારા તેઓને નીચી કક્ષાએ રાખવામાં આવે છે. આવી પુરૂષ પ્રધાન ની માનસિકતા માં મહિલા કામદારો ને નીચલી કક્ષા એ દોરી જાય છે. (ઝાબવાલા અને કાનબુર ૨૦૦૨) આ ક્ષેત્રમાં કામની ફાળવણી અને વેતન વિતરણ માટે પણ લિંગ ભેદભાવ જોવા મળે છે. ( સુચિતા અને રાજશેખર ૨૦૦૬) આવા મહિલા વિરોધી વલણ અને મજૂરોને કાર્યસ્થળ પર વધુ જટિલ બનાવે છે. તેઓ ખૂબ જ કઠિન જીવન જીવે છે . તેઓને દરજ્જાની સમાનતા અને સામાજિક ન્યાયનો આનંદ માણતાં નથી જેના માટે ખરેખર લાયક છે.

(૩) વેતન ભેદભાવ

સરકારે જાહેર ક્ષેત્રનાં એકમમાં તેમજ અકુશળ અને કુશળ મજુરો માટે લઘુત્તમ વેતન નક્કી કર્યું છે. તે પ્રમાણે વેતન પ્રાપ્ત થતું નથી તેમાં પણ કોન્ટ્રાક્ટરો દ્વારા મજુરોને ઓછું વેતન ચૂકવવામાં આવે છે. તેમાં પણ પુરૂષો ની તુલનાએ મહિલા મજુરોને સૌથી ઓછું વેતન મળે છે.

- પુરૂષો ને ૧૮૦થી૩૫૦ રૂપિયા વેતન ચૂકવવામાં આવે છે તેની સામે મહિલા શ્રમિકો ને ૧૫૦થી૨૫૦રૂપિયા વેતન ચૂકવવામાં આવે છે.
- મહિલા ઓને નોકરી માં ભેદભાવ નો સામનો કરવો પડે છે કારણ કે તેમની પાસે પુરૂષો જેટલી કુશળતા હોતી નથી.
- મહિલા ઓ પુરૂષો જેટલું જ શારિરીક શ્રમ કરે છતાં પણ તેઓ ને નીચાં વેતને કામ કરવું પડે છે.

(૪) કામનાં સ્થળે જાતિય સતામણી

મહિલા કામદારોને બાંધકામ ઉદ્યોગમાં જાતે સત્તામણી ગંભીર સમસ્યા છે પંજાબમાં હાથ ધરાયેલ એક સર્વેમાં જણાવવામાં આવ્યું હતું કે ૭૪% ઉત્તરદાતાઓને કામના સ્થળ જાતીય સતામણીનો ભોગ બનેલા જાણવા મળે છે. કોન્ટ્રાક્ટરો દ્વારા તેમજ પેટા કોન્ટ્રાક્ટરોને ખુશ કરવા ફરજ પાડવામાં આવે છે. મહિલા કામદારોને રોજગાર ગુમાવવો ન પડે તે માટે તેઓ આવી જાતીય સતામણીનો ભોગ બને છે. અન્ય એક અભ્યાસ પરથી જાણવા મળે છે કે મહિલા કામદારોને છે ઠેકેદાર દ્વારા જાતીય સતામણીનો સામનો કરવો પડે છે. આવી કઠોર અને પ્રતિકૂળ કાર્ય સંસ્કૃતિનો વ્યાપ હોવા છતાં નીચું વેતન,નોકરીનો ગુમાવવાનો ભય, બિન આરોગ્ય સુવિધાઓ બાંધકામ ઉદ્યોગોમાં જબરજસ્ત રીતે કાર્ય કરે છે અને પ્રતિકૂળ પરિસ્થિતિ હોવા છતાં તેઓ બાંધકામ ઉદ્યોગોમાં કામ કરે છે કારણ કે તેને પરિવારની આર્થિક સ્થિતિ ખૂબ જ નિમ્ન હોય છે. પતિ બેરોજગાર હોય છે કાં તો વ્યસનમાં ડુબેલો હોય છે જેથી સ્ત્રીઓને આ ક્ષેત્રમાં જાતીય સતામણીનો ભોગ બનવું પડે છે.

(૫) સામાજિક અને શૈક્ષણિક સ્થિતિ:-

દિલ્હી, આંધ્રપ્રદેશ અને રાજસ્થાનના ત્રણ સર્વેના આધારે મહિલાઓની સામાજિક અને શૈક્ષણિક સ્થિતિ આ ક્ષેત્રમાં કાર્યરત મહિલા કામદારો ની કેવી છે તેના વિશે જાણતાં જોવા મળે છે કે હરિજન અને આદિવાસી આ ક્ષેત્રમાં વધુ કાયૅરત છે.જેમની ભારત વસ્તી ૧૫% અને ૫% છે તેમને દેખાતી રીતે કામની શોધમાં સ્થળાંતર કરવાનું પ્રમાણ વધુ હોય છે જેઓ ગ્રામીણ વિસ્તારમાંથી આવે તેમજ ત્યાં તેઓને કૃષિ માટે જમીન નહીં હોય અથવા ઓછી જમીન ધરાવતા હોય છે એવા ભૂમિહીન મજૂરો SC /ST તેમની પાસે અન્ય કૌશલ્ય નો અભાવ છે. શિક્ષણ નું નીચું પ્રમાણ બાંધકામ ઉદ્યોગ તરફ તેઓને આકર્ષે છે દિલ્હીમાં બાંધકામ કામદારો ૫૬% જેટલા SC/ST મજૂરો છે. રાજસ્થાનમાં પણ SC પરપ્રાંતીય મજૂરો છે. હરિજન અને આદિવાસી મળીને આંધ્રના ૯૦ ટકા હિસ્સાનો સમાવેશ કરે છે. આ અભ્યાસ દ્વારા તેઓની સામાજિક અને શૈક્ષણિક સ્થિતિનો ખ્યાલ આવે છે.

(૬) આરોગ્ય ની સ્થિતિ

મહિલા કામદારો બાંધકામ ક્ષેત્રમાં કાર્યસ્થળ પર અનેક પ્રકારના રોગો થતાં હોય છે. આ ક્ષેત્રમાં કાર્યસ્થળ પર આરોગ્ય ની સુવિધાનો અભાવ જોવા મળે છે. જેના કારણે મહિલા કામદારો ને ઉબકા, ઉલ્ટી ,માથાનો દુખાવો, અનિદ્રા , નાની મોટી ઈજાઓ તેમજ પ્રસ્તુતિ ની સારવાર માટે કાયૅ સ્થળે કોઈ સુવિધાઓ ઉપલબ્ધ હોતી નથી. મહિલા કામદારો ને ચાલુ કામ દરમિયાન ચામડીના રોગો થતાં હોય છે. આ ઉપરાંત ગંદા વસવાટો, ઝુંપડપટ્ટી કાયૅ સ્થળે હોય છે જેના કારણે અન્ય રોગો પણ શ્રમિકો ને બાંધકામ ક્ષેત્રમાં થતાં જોવાં મળે છે. ( તિવારી અને ગણોપાધ્યાય૨૦૧૬)

**નિષ્કર્ષ :**

ભારતમાં છેલ્લા વર્ષોમાં મહિલાઓમાં સાક્ષરતાનું પ્રમાણ વધી રહ્યું છે તેમ છતાં પણ તેમની સાથે લિંગ ભેદભાવ પૂર્વગ્રહ, સ્ત્રી-પુરૂષમાં અસમાનતા, વેતન ભેદભાવ વગેરે જેવાં નિણાર્યક પરિબળો છે. હિન્દુ સંસ્કૃતિ પ્રમાણે છોકરીના જન્મ સમયે ઘરથી જ ભેદભાવ થાય છે અને

જીવનના દરેક તબક્કામાં ચાલુ રહે છે ભારતમાં મહિલા અકુશળ કામદારોનો મોટો સમૂહ ગ્રામીણ વિસ્તારમાં ખેત મજૂર તરીકે કામ કરે છે. સીઝન પૂર્ણ થાય ત્યારે તેઓ બાંધકામ ઉદ્યોગમાં શિફ્ટ થાય છે. જે ઉદ્યોગમાં તેમના રોજગાર સ્તરમાં વધારો કરે છે આમ કરવાથી તેઓના ઘર ખર્ચને પહોંચી વળવા માટે આવક કમાવવી તેમના કુટુંબને ટેકો આપે છે. મોટાભાગે તેઓ સ્થળાંતરિત પરિવારોમાંથી આવે છે. તેઓના પતિઓ શરાબ અને અન્ય વ્યસનના કારણે રોજગારી ના કરતા હોય છે. જેથી તેઓને બાંધકામ ઉદ્યોગોમાં જાતીય સતામણી, ઓછું વેતન એવી ઘણી પ્રતિકૂળ પરિસ્થિતિનો સામનો કરવો પડે છે. આ ક્ષેત્રમાં ભેદભાવ ઈજાઓ અને મૃત્યુ  જેવી સમસ્યા હોવા છતાં મહિલા કામદારો સખત મહેનત કરે છે. પરંતુ પુરૂષો ની પાછળ રહે છે. ધણાં વર્ષો થી કામ કરે છે છતાં અકુશળ કામદાર તરીકે જ રહે છે. સરકાર દ્વારા મહિલા ઓની સ્થિતિ સુધારવા ધણાં કાયદા ઓ અંને નીતિ ઓ અમલ હોવા છતાં તેમનું સાથે ભેદભાવ થાય છે. મહિલા ઓ ના તમામ પ્રશ્નો ના નિકાલ માટે તેના કાયદા અને નિતીઓનૂ કડક અમલ થવો જોઈએ અને મહિલાઓ આરોગ્ય ની સુવિધાનો લાભ મળે તે માટે પણ  ખાસ પગલાં લેવા જોઈએ.

## સંદર્ભ :-


1) Aadya and Kiran U.V. (2013) occupation stress of women workers in unorganized sector, International journal of scientific and engineering research,4(3) 3-13
2) BharatK.Sandhya.P.and Sindhu.m (2012) issue of occupational health and injuries among unskilled female Labours in construction industry:A scenario of Punjab State
3) Das.D.K 1985 Sex Discrimination against female workers in unorganized sector, Indian journal of industrial relations 21(2),232-244
4) Girija.R.and Geeta.R.etal.1989 Socio-Economic conditions of construction workers in Tamil Nadu, Report Submitted to ICSSR(Mimeo)
5) Kumari ,N And Kiran,U.V.2012. Occupational Profile of Child Labour in Chikankari industry, Advanced research journal of social science,44-(4),247-250
6) Madhok.S. 2005 Report on the status of women workers in the construction industry. National commission for New Delhi.
7) Pitchai Rani M. 2013 " Women Labours in construction industry A sociological analysis"
8) બાંધકામ મહિલા શ્રમિકઃ પાયાના પથ્થરની વ્યથા મે ૨૦૧૮ પાક્ષિક ગુજરાત સરકાર
9) શિવકુમાર,એમ.એસ.શેગ અને વેબર ,કેઈ ૧૯૯૧ બાંધકામ ઉદ્યોગ માં ભરતી અને રોજગાર ની સ્થિતિઃ બેંગલોર નો કેસ સ્ટડીઃ ઈકોનોમિક એન્ડ પોલીટિકલ વીકલી,૨૬(૮) m 27-m 40
10) તિવારી.જી. ગંગોપાધ્ય. ૨૦૧૧ બાંધકામ ઉદ્યોગમાં કામદારોના વ્યાવસાયિક સ્વાસ્થ્ય અને સામાજિક સુરક્ષા પર સમીક્ષાઃ ઈન્ડિયન જર્નલ ઓફ ઓકયુપેશનલ એન્ડ એનવાયરમેટ મેડિસન ૫ (૧)